પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૩ | ૨ નવેમ્બર, ૨૦૨૧, મંગળવાર; આસો વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## કોમર્શિયલ LPG સિલિન્ડરમાં ૨૬૬ રૂપિયાનો ફરી વધારો

**હોટલ-રેસ્ટોરંટમાં જમવાનું મોંઘું થઈ જશે : રાહતની વાત એ છે કે ઘરેલુ ઉપયોગમાં લેવાતા સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો નથી**

નવી દિલ્હી,તા.૧

પેટ્રોલ-ડીઝલના વધતા ભાવથી આમ આદમી પહેલાથી જ પરેશાન છે ત્યારે હવે કમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં પણ વધારો થયો છે. કમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૨૬૬ રૂપિયાનો વધારો થયો છે. જે બાદ દિલ્હીમાં ૧૯.૨ કિલોના કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૨૦૦૦.૫૦ રૂપિયા થઈ ગયો છે. જોકે રાહતની વાત એ છે કે ઘરેલુ ઉપયોગમાં લેવાતા સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આ પહેલા ૧ ઓક્ટોબરના રોજ ૧૯ કિલોના કમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો.

દિલ્હીમાં ૧૯.૨ કિલોગ્રામ સિલિન્ડરની કિંમત ૧૭૩૪.૫૦ રૂપિયા હતી. જે ચાલુ મહિનાના પ્રથમ દિવસ એટલે કે ૧ નવેમ્બરે ૨૬૪ રૂપિયા વધી ગઈ છે. ઈન્ડિયન ઓયલની વેબસાઈટ મુજબ દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૨૦૦૦.૫૦ રૂપિયા, કોલકાતમાં ૨૦૭૩.૫૦, મુંબઈમાં ૧૯૫૦ રૂપિયા અને લખનઉમાં ૨૦૯૩ રૂપિયા થઈ ગયો છે. ગેસના ભાવ વધતાં હોટલ-રેસ્ટોરંટમાં જમવાનું મોંઘું થઈ જશે. શાકભાજીના ભાવ, તેલના આસમાને આંબેલા ભાવના કારણે હોટલ ઈન્ડસ્ટ્રી પહેલાથી જ પરેશાન છે. હવે સિલિન્ડરના ભાવમાં વધારાથી હોટલ માલિકો ભાવ વધારવા મજબૂર બની શકે છે. ઈન્ડિયન ઓયલની સત્તાવાર વેબસાઈટ પર જઈને તમે તમારા શહેરના ભાવ ચેક કરી શકો છો.

## મોદીની રેલીમાં બ્લાસ્ટ કેસમાં ૪ દોષિતોને ફાંસીની સજા

**એનઆઈએ કોર્ટે ગાંધી મેદાન સિરિયલ બ્લાસ્ટ કેસમાં ૨ દોષિતોને આજીવન કેદ અને ૨ દોષિતોને ૧૦ વર્ષની, એક દોષિતને ૭વર્ષની કેદની સજા સંભળાવી**

નવી દિલ્હી , તા.૧

પટનામાં નરેન્દ્ર મોદીની ૨૦૧૩ના હુંકાર રેલી સિરિયલ બ્લાસ્ટ કેસમાં આજે સજાની જાહેરાત કરવામાં આવી છે. પટનાની એનઆઈએ કોર્ટે ગાંધી મેદાન સિરિયલ બ્લાસ્ટ કેસમાં ૪ દોષિતોને ફાંસીની સજા, ૨ દોષિતોને આજીવન કેદ અને ૨ દોષિતોને ૧૦ વર્ષની, એક દોષિતને ૭વર્ષની કેદની સજા સંભળાવી છે. ૨૭ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હુંકાર રેલી પહેલા ગાંધી મેદાન અને જંકશનમાં બનેલી ઘટનામાં છ લોકોએ જીવ ગુમાવ્યો હતો. તેમજ ૮૫ જેટલા લોકો ઘાયલ થયા હતા. જેલમાં બંધ દસ આરોપીઓને ગયા મહિનાની ૨૭મી તારીખે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. એનઆઈએ કોર્ટે ઉમર સિદ્દીકી, અહેમદ હુસૈન, અઝહરુદ્દીન કુરેશી, હૈદર અલી, ઈમ્તિયાઝ અંસારી, મોજીબુલ્લાહ અંસારી, ફિરોઝ અહેમદ અને નુમાન અંસારીને આઈપીસી એક્ટની વિવિધ કલમો, એક્સપ્લોઝિવ એક્ટની વિવિધ કલમો, યુએ (પી) એક્ટ અને રેલવે એક્ટની વિભિન્ન કલમો હેઠળ દોષિત ઠેરવ્યા છે. ૨૦૧૪માં તમામ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયા બાદ અત્યાર સુધીમાં ૧૮૭ લોકોની કોર્ટમાં જુબાની આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ગાંધી મેદાન સીરિયલ બ્લાસ્ટ મામલામાં ૨૭ ઓક્ટોબર, ૨૦૧૩ના પટનાના ગાંધી મેદાન પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

સમસ્ત હોટલ ઘુંઘટ તેમજ હોટલ મીડલ ટાઉન પરિવાર તરફથી સર્વે અધિકારીશ્રી, પદાધિકારીશ્રીઓ, ગ્રાહક મિત્રો, શુભેચ્છકોને દિપાવલીની શુભકામનાઓ સહ....
નવા વર્ષના જય સ્વામીનારાયણ સહ નૂતન વર્ષાભિનંદન

● A/c કોન્ફરન્સ હોલ ● A/c & Non A/c રૂમો
● લગ્ન પ્રસંગ માટે રીસેપ્શન સ્ટેજ
● ભૂલકાઓ માટે રમત-ગમતના સાધનોવાળો સુંદર અને વિશાળ બગીચો

પંજાબી, ચાઈનીઝ, કોન્ટીનેન્ટલ, સાઉથ ઈન્ડિયન તેમજ ગુજરાતી થાળી

હોટલ ઘુંઘટ
ગાર્ડન રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસ

સે.૨૬, જી.આઈ.ડી.સી. નજીક ગાંધીનગર-માણસા રોડ
મો. ૭૦૪૬૦ ૧૧૨૭૦, ૯૮૨૫૩ ૦૦૧૬૧

શ્રી સ્વામીનારાયણ નમઃ
વેલકમ હમ દિલસે કરતે હૈ... નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
રહેવા માટે લક્ઝુરીયસ રૂમની સગવડ
એ.સી. / નોન એ.સી. તથા શ્યુટ રૂમ
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
કોમ્પ્લીમેન્ટરી બ્રેકફાસ્ટ
આપની એકવારની મુલાકાત કાયમી સંભારણું બનવાની ખાતરી અમારી
ઘ-૦ | ઘ-રોડ | રીલાયન્સ ચોકડી | TCS | મીડલ ટાઉન
પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ટીસીએસની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯ - ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com

કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર
નૂતન વર્ષની શુભેચ્છા સહ..
કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
સેક્ટર-૧૨, ગાંધીનગર

નૂતન વર્ષના શુભદિને સવારે ૦૮-૧૫ કલાકે
મહાઆરતી
તા. ૧૯-૧૧-૨૦૨૧ને શુક્રવારે દેવદિવાળીના શુભદિવસે ઉમિયા માતાજીના
અન્નકુટના દર્શન થશે

શુભેચ્છક
પ્રમુખ - મનુભાઈ બી. પટેલ
ઉપપ્રમુખ - મહેન્દ્રભાઈ એ. પટેલ (શક્તિ)
સહમંત્રી - વિષ્ણુભાઈ બી. પટેલ (બાપજી)
આ. ઓડિટર - ડો. દશરથભાઈ પી. પટેલ
મહામંત્રી - દિનેશભાઈ ડી. પટેલ
ખજાનચી - અશોકભાઈ કે. પટેલ
સહમંત્રી - જગદીશચંદ્ર કે. પટેલ

સમાજના ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યો
વિવિધ કમિટિના ચેરમેન
ભવન કમિટી - બળદેવભાઈ બી. પટેલ
શિક્ષણ - ડો. અનિલભાઈ કે. પટેલ
મહિલા - જ્યોત્સનાબેન એચ. પટેલ
લીગલ એડવાઈઝર - અશોકભાઈ એચ. પટેલ
મંદિર - વસંતભાઈ જી. પટેલ
ભોજનાલય - મંગળદાસ એસ. પટેલ
જીવનસાથી - રમણભાઈ પટેલ
ટ્રસ્ટ એડવાઈઝર - સુરેશભાઈ કે. પટેલ

અગત્યની નોંધ
● સરકારશ્રીની ગાઈડલાઈનના અમલ સાથે લાયબ્રેરી તથા ભોજનાલય હાલમાં ચાલુ છે.
● ઈનામ વિતરણ માટે વર્ષ-૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ દરમ્યાન SSC-80 %, HSC-75 %, ડિપ્લોમાં અને ગ્રેજ્યુએટ - ૬૦%, પોસ્ટ ગ્રેજ્યુએટ - ૫૫% થી વધુ, ડોક્ટર, વિશિષ્ટ પ્રતિભાશાળી અને GPSC પાસ ઉમેદવારોએ માર્કશીટની ઝેરોક્ષ પાછળ સભાસદ નંબર, સરનામું તથા મોબાઈલ નંબર સાથે તારીખ-૧૯/૧૧/૨૦૧૧ (દેવદિવાળી) સુધી અચૂક કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી છે.

સંસ્થાની યોજનાઓ તથા ઉત્સવો
સભ્યપદ ● શિક્ષણનિધિ ● ભવન દાતાસભ્ય ● ટ્રસ્ટીપદ ● આપત્તિ ફંડ ● અન્નપૂર્ણા ભોજનદાતા ● ઈનામ વિતરણ-સ્નેહમિલન ● મેરેજ બ્યુરો ● પૂનમ હવન - મહાપ્રસાદ - ફૂલોનો શણગાર થાળ તિથિ ● પાટોત્સવ ● જન્માષ્ટમી ● શિવ યજ્ઞ ● નવરાત્રિ ● નૂતન વર્ષ ● દેવદિવાળી

સંસ્થાના કાયમી સંપર્ક નંબર : કાર્યાલય (મેનેજર) - ૯૮૭૯૩ ૪૫૩૦૦ । ભોજનાલય (મેનેજર) - ૯૫૩ ૭૪ ૪૫૩૦૦